Approved draft

ક્રમાંક: જમન/૩૧/બ/ ૫૧-૫૩ /૨૦૧૮-૧૯,
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
ગુજરાત રાજય
અરણ્યભવન, ચ-૩ સર્કલ નજીક, સેક્ટર-૧૦-એ,
ગાંધીનગર, તા :૫ /૦૪/૨૦૧૮.

**વિષયઃ-** Diversion of 2.4107 ha. Reserved forest land from Hafeshwar village for the project of Narmada river hafeshwar basin based Bulkpipeline water supply project ( Ta. Kawant dist- Chhota Udepur, State Gujarat. )

**સંદર્ભઃ-** મુખ્ય વન સંરક્ષકશ્રી, વડોદરાના પત્ર ક્રમાંકઃ
અ/જમન/ટે.૫/૫૧૮૩-૮૪, તા. ૨૭-૩-૨૦૧૮

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, તેમના તરફથી મળેલ દરખાસ્તમાં નીચે મુજબની ક્ષતિઓ જણાય છે.

૧. મોજે. હાંફેશ્વર તથા કડીપાણી, તા. કવાંટ , જી. છોટાઉદેપુરનો વિસ્તાર જે જાહેરનામાથી રિઝર્વ ફોરેસ્ટ તરીકે જાહેર થયેલ છે તે જાહેરનામાના તમામ પેજની નકલ દરખાસ્તમાં સામેલ કરેલ નથી.

૨. વન અધિકાર અધિનિયમ- ૨૦૦૬ અંતર્ગત લીનીયર પ્રોજેકટ માટેનું કલેકટરશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે. ખરેખર તેમના દ્વારા માંગણી કરવામાં આવેલ વિસ્તારમાં પાઇપલાઇન ઉપરાંત સિવીલ સ્ટ્રકચર બાંધકામની માંગણી કરવામાં આવેલ છે. જેથી નોન લીનીયર પ્રોજેકટ માટેનું કલેકટરશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહે છે.

૩. માંગણીવાળા વિસ્તારમાં કાપવાના થતાં ૪૦ ઝાડ અંગેના માર્કીંગ ખરડા રજુ કરવામાં આવેલ છે સ્પીસીઝ વાઇઝ અને ગર્થ- કલાસ વાઇઝ ઝાડોના બોટનીકલ અને ગુજરાતી નામ સહિતનું એબસ્ટ્રેકટ રજુ કરવામાં આવેલ નથી.

૪. દરખાસ્ત સાથે ૨.૪૧૦૭ હેકટરના બમણા વન વિસ્તાર એટલે કે ૫.૦૦ હેકટર ડિગ્રેડેડ વિસ્તારમાં વાવેતર માટેની વળતર વનીકરણની સ્કીમ રજુ કરવામાં આવેલ છે પરંતુ માંગણીવાળો વિસ્તાર રિઝર્વ ફોરેસ્ટ હોઇ એફસીએની ગાઇડલાઇન મુજબ યુઝર એજન્સી દ્વારા તેટલી જ બિન જંગલ જમીન આપવાની થાય જેથી તે મુજબ વળતર વનીકરણની સ્કીમ માંગણીવાળા વિસ્તારની બનાવવાની રહે છે.

૫. દરખાસ્તમાં સામેલ એનેક્ષર-૨૫ માં અંતર ૬૦ કિ.મી. દર્શાવેલ છે, પરંતુ કઇ સેન્ચ્યુરી/ નેશનલ પાર્કથી ૬૦ કિ.મી. દૂર છે તેનો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

ઉપર જણાવ્યા મુજબની પૂર્તતા માટે સંદર્ભ પત્રથી મળેલ મૂળ દરખાસ્ત ચાર નકલમાં પરત કરવામાં આવે છે.

udSingh

(યુ.ડી.સિંઘ)
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

O/c
4/4
5/4

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
વડોદરા.

**નકલ રવાનાઃ-** નાયબ વન સંરક્ષકશ્રી, છોટા ઉદેપુર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

**નકલ સવિનય રવાનાઃ-** એકઝિકયુટીવ એન્જીનિયર/ હેલ્થ પ્રોજેકટ યુનિટ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, છોટા ઉદેપુર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.